### અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અલવા કંપા પાસે

# ક્વોરીઓમાં બ્લાસ્ટના કારણે આસપાસના મકાનોમાં તિરાડો

અરવલ્લી જિલ્લા માં બ્લેક કેટ કપચી ઉત્પાદન કરતી ક્વોરીઓ નો ઉદ્યોગ ફૂલ્યોફાલ્યો છે સમગ્ર ગુજરાત માં કન્સ્ટ્રક્શન ના કામ કાજ માટે કપચી અરવલ્લી જિલ્લા ના વડાગામ બાયડ અને ધનસુરા તાલુકા માંથી પુરી પડાય છે દરરોજ હજારો ટન કપચી નું ઉત્પાદન કરવા માં આવેછે આ ક્વોરી ઉદ્યોગ માટે ક્વોરી માલિકો દવારા લીઝ મંજુર કરાવી એ જમીન માં એક્સપ્લોસીવ વિસ્ફોટક નો ઉપયોગ કરી જમીન માં બ્લાસ્ટીંગ મશીન વડે બ્લાસ્ટીંગ કરવા માં આવેછે ત્યારે આ બ્લાસ્ટીંગ માટે ક્વોરી માલિકો દ્વારા જે માત્રા બ્લાસ્ટીંગ ની હોય તેના કરતા બ્લાસ્ટીંગ માટે ના વિસ્ફોટક સિવાય યુરિયા ખાતર થી લઈ અનેક પદાર્થો ઉમેરી બ્લાસ્ટ કરવા માં આવેછે જેના કારણે જે જમીન માં બ્લાસ્ટ કરવા માં આવેછે તે જમીન ના આસપાસ ના વિસ્તાર માં આવેલા મકાનો માં મોટી મોટી તિરાડો પડી જાય છે આંખે આખા મકાનો જમીન લેવલ થી ધ્રુજી ઉઠેછે પરિણામે આસપાસ ના રહીશો ના મકાનો ની સખ્તાઈ ઓછી થાય છે અને ભારે નુકશાની વેઠવાનો વારો આવેછે સાથે સાથે આ બ્લાસ્ટીંગ માટે વપરાતા વિસ્ફોટકો માં રહેલા ઝેરી પદાર્થો ને કારણે વાતાવરણ માં ભારે પ્રદુષણ ફેલાય છે અને ખેતી ની જમીનો ને પણ વ્યાપક પ્રમાણમાં નુકશાન જાય છે જેના કારણે અલવા કંપા ના રહીશો એ તેમના ગામ અને ખેતરમાં કરવામાં આવતા ગેરકાયદેસર નિયમ વિરુદ્ધ ના બ્લાસ્ટીંગ બંધ કરવા માટે ક્વોરી માલિકો સામે વિરોધ નોંધાવ્યો છે અને જો આ વિસ્ફોટકો થી બ્લાસ્ટીંગ બંધ નહિ થાય તો સમયમાં આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે

કન્સ્ટ્રક્શન ના કામ માટે વપરાતી કપચી ના ઉદ્યોગ માટે મોટાભાગે બહાર ના ઉદ્યોગપતિઓ દ્વારા જમીનો માં લીઝ મંજુર કરાવી મોટી મોટી ખાણો માં વિસ્ફોટકો દ્વારા બ્લાસ્ટીંગ કરી અને કપચી ના પથ્થરો કાઢવા માં આવતા હોય છે ત્યારે આ તમામ પ્રક્રિયા સરકારી નીતિ નિયમ પ્રમાણે કરવાની હોય છે ત્યારે અલવા કંપા ની આસપાસ ચાલતા ક્વોરી ઉદ્યોગ માં કરાતા બ્લાસ્ટ ને લઈ ખેડૂતો ના મકાન અને જમીન ને થતા નુકશાન બાબતે ક્વોરી મલિક ને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે આ ઉદ્યોગ માટે અમે જે બ્લાસ્ટીંગ કરતા હોઈએ છીએ એ સરકારી નિયમ મુજબ કરતા હોઈએ છીએ આમ કોઈના પણ જમીન કે મકાન ને નુકશાન થતું નથી અલવા ગામ પણ ક્વોરી થી બે કિલોમીટર દૂર છે અને માઈન્સ ની બાજુમાં જે મકાન છે તે વર્ષો પુરાણું અને પહેલા થી જર્જરિત છે.





# દલિતરેલી ૧૨મીએ મહેસાણામાંથી જ નીકળશે

મહેસાણા, તા. ૧૦

ઉનાની ઘટનાને આગામી ૧૨ તારીખના રોજ એક વર્ષ પૂર્ણ થતુ હોવાથી મહેસાણામાં એક રેલી દલિત સમાજની નીકળનાર છે. જે રેલી મહેસાણાથી ધાનેરા ૫ દિવસમાં પહોંચશે. જ્યારે આ રેલીની પ્રથમ મંજુરી મળ્યા બાદ તંત્રએ મંજુરી ના આપતા મામલો વણસ્યો છે. જેને લઈને દલિત આગેવાનોએ આજે જિલ્લાના અધિક કલેક્ટરને આવેદન આપીને પોતાનો વિરોધ કર્યો હતો. જ્યારે તંત્ર મંજુરી નહી આપે તેમ છતાં આ રેલી મહેસાણાથી નીકળશે.

મહેસાણામાં ૧૨ જુલાઈએ દલિત શક્તિ સંમેલન બાદ આઝાદી કૂચ માટે અપાયેલ મંજૂરી બાદ તંત્ર રદ કરી દેવાતા આજે




સોમવારે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા જિલ્લા કલેક્ટર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

દરમ્યાન રવિવારે પણ કાર્યકરો શહેરના વિવિધ વિસ્તારમાં પોસ્ટર, બેનરો અને ગામડાઓમાં સંમેલન તૈયારીઓમાં સંપર્ક કાર્યમાં કાર્યરત જોવા મળ્યા હતા. સહ કન્વીનર કૌશિક પરમારે જણાવ્યુ હતુ કે શહેરમાં ઠેર ઠેર બેનરો લગાવવામાં આવ્યા છે. મહેસાણાના ભાંડુ, મોટીદાઉ તેમજ દવાળામાં મિટીંગનું આયોજન પણ કરાયુ છે. જેને જોતા આગામી સમયમાં મહેસાણામાં પાટીદાર અંદોલન બાદ વધુ એક આંદોલન ઉગ્ર બનશે તેવુ લાગી રહ્યું છે.

પરવાનગી રદ કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધ હોઈ તેવુ તંત્રએ જણાવ્યું હતું. જ્યારે આ કુચમાં પાટીદાર સમાજ સહિત અન્ય સમાજોએ પણ ટેકો આપ્યો છે. જેમાં જેએનયુના કનૈયાકુમાર પણ હાજર રહેશે તેવી શક્યતા છે. તેમ સુબોધ પરમાર આગેવાન મહેસાણાએ જણાવ્યું હતું.

# પ્રાંતિજના પોયડા, નાનાં પોયડા, સીતવાડા, કરોલમાં ચુડવેલો પડતાં ગ્રામજનો ત્રાહિમામ

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોયડા, નાના પોયડા અને સીતવાડા, કરોલ સહિતના ગામોમાં ચુડવેલોનો ઉપદ્રવ વધતાં ગ્રામજનો તોબા તોબા પાકોરી ઉઠ્યા છે અને ઘરોમાં રહેવું પણ મુશ્કેલ બન્યું છે.



પ્રાંતિજ નજીક આવેલ પ્રાંતિજના કેટલાક ગામોમાં છેલ્લાં ચાર દિવસથી કિડીયાળાની જેમ ચુડવેલો આ ગામોમાં પડતાં ગ્રામજનોને ઘરોમાં રહેવું પણ મુશ્કેલ બન્યું છે અને ગામમાં જયાં જુવો ત્યાં ચુડવેલના ઝુંડ જોવા મળે છે ત્યારે રસોઈ કે ઘરકામ સહિતના કામોમાં ગામની મહિલાઓને મુશ્કેલીઓ પડે છે અને ભોજન માટે ખાટલાઓમાં બેસવું પડે છે પણ ચુડવેલો ખાટલામાં બેઠા પછી પણ છત ઉપરથી કે દિવાલ ઉપરથી ભોજનની થાળીમાં પડે છે. જેથી આ ત્રણેય ગામોના લોકો તોબા પોકારી ઉઠ્યા છે ત્યારે હાલ તો ચુડવેલો ઘરની છત દિવાલ અને નીચે કિડીયાળાની જેમ નિકળતાં ભોજનની વાત તો બાજુમાં પણ પીવાનું પાણી પણ પીવુ મુશ્કેલ બન્યું છે ત્યારે ગામજનોની રજુઆત છે કે સરકાર દ્વારા દવાનો છંટકાવ કે કોઈ અન્ય વૈકલ્પિક ઉપાય કરી આપવામાં આવે તો સારૂ તેવું હાલ તો ગ્રામજનો જણાવી રહ્યાં છે ત્યારે કેટલાક લોકો તો ઘરને તાળા મારી સગાસંબંધીઓને ઘરે જતાં રહ્યાં છે. પશુપાલન સાથે સંકળાયેલા લોકો જાય તો પશુધન સહિત જાય ક્યા ત્યારે હાલ તો વરસાદ પણ ખેંચાયો છે અને જો વરસાદ પડે તો ઓટોમેટીક ચુડવેલોનો ઉપદ્રવ ઓછો થશે પણ હાલ તો ગામમાં પાણીની રેલાની જેમ ચુડવેલો નિકળતાં ગામજનો તોબી પોકારી ઉઠ્યા છે .



# કાંકરેજ તાલુકાના રતનપુરા(શિ) રોડની સાઈડમાંથી ચાર માસનુ મૃત ભ્રૂણ મળી આવતા ચકચાર

કાંકરેજ, તા. ૧૦

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરીથી રતનપુરા-રતનગઢ જવાના માર્ગ ઉપર વહેલી સવારે એક ૪ માસનો ગર્ભ મૃત હાલતમાં ત્યજી દિધેલ ગામલોકો જોઈ જતા તર્ક-વિતર્ક ઉઠવા પામ્યા હતા. અને રતનપુરા(શિ) સરપંચ ગોહિલ શ્રવણજી દેહળાજીએ શિહોરી પો.સ્ટે.માં જાણ કરતાં શિહોરી પોલીસ ઘટનાસ્થળ ઉપર જઈ તપાસ હાથ ધરી હતી અને ભ્રૂણને શિહોરી સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યુ હતુ. જ્યાં ડૉ. માનસુંગભાઈ ચૌધરીએ આ ભ્રૂણને ૪ થી સાડાચાર માસનુ હોવાનુ જણાવ્યુ હતુ. જોકે કસુવાવડ કે પછી કોઈ માતાએ પોતાનુ પાપ છુપાવવા આવુ કૃત્ય કર્યુ હોય તેવી લોક મુખે ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. જો કે ખીમાણા-કંબોઈ-પાદરડી, નાણોટા જેવા અનેક ગામોમાં ઉઘાડ પગા ડૉક્ટરો પ્રેક્ટીશ કરી રહ્યા છે. જેને તંત્ર રહેમ નજર નીચે મસમોટા હપ્તા લઈ તેરી ભી ચુપ મેરી ભી ચુપ જેવો પોલ ચાલી રહ્યો છે. અગાઉ રાનેર ગામેથી રોડ પાસેથી ભ્રૂણ મળી આવ્યુ હતુ પરંતુ આરોગ્યતંત્રની ઉંઘ હજુ સુધી ઉડતી નથી અને તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા લેવાતા નથી. ત્યારે રતનપુરા શિહોરી રોડ ઉપર મળી આવેલ ભ્રૂણ બાબતે શિહોરી પો.સ્ટે. જાણવાજોગ નં. ૧૬/૨૦૧૬ મુજબ એચસી. ધીરજીભાઈ દેસાઈ તપાસ ચલાવી રહ્યા છે. આમ શિહોરી વિસ્તારમાં આવુ કૃત્ય કરનાર સામે લોકોએ ફિટકારની લાગણી વરસાવી રહ્યા છે.

# હિંમતનગરમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા ખેડૂતોના દેવા માફ કરવા ધરણાં યોજાયા

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરમાં જીલ્લા કોંગ્રેસ ધ્વારા કલેકટર કચેરી આગળ ખેડૂતોની દેવા માફી અને જમીન રી-સર્વેની માંગોને ધ્વારા રાજ્ય સરકાર દ્વારા જમીન રી-સર્વેની કામગીરી, ખેડતોને થયેલ અન્યાય, પોષણક્ષમ ભાવ, દેવા નાબુદી લઈને ધરણાનો કાર્યક્રમ કર્યો હતો. ત્યારબાદ રેલી સ્વરૂપે કલેક્ટર



લઈને ધરણા યોજીને અધિક કલેકટરને આવેદનપત્ર આપ્યું. હિમતનગર ખાતે સોમવારે બપોરે ૧૧ થી ૩ વાગ્યા સુધી જીલ્લા કોંગ્રેસ કચેરી પહોચી અધિક કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. ધરણા દરમિયાન ઉપસ્થિત આગેવાનો અને હોદેદારોએ જણાવેલ કે તાત્કાલિક અસરથી ખેડૂતોની જમીન નવી માપણી અને નવી માપણીને આધારે થયેલ પ્રમોલગેશન રદ કરવા જૂની માપણી અને તેના આધારે બનેલ લેન્ડ રેકોર્ડઝની માન્યતા ચાલુ રાખવા અને ભ્રષ્ટાચારની તપાસ કરવા હાઈકોર્ટના સીટીંગ જજનું તપાસ પંચ નીમીને ખેડૂતોને ન્યાય આપવાની વાત કરી હતી તો ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિને કારણે છેલ્લા ૧૫ વર્ષમાં ખેડૂત આર્થિક પાયમાલ થયા છે. ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળતા નથી અને મોઘી વીજળી મોઘા બિયારણ ખાતર અને સિંચાઈના પાણીની તકલીફોને કારણે ખેડૂત પરેશાન છે. આ સંજોગોમાં ખેડૂતોના દેવા તાત્કાલિક માફ કરવા જોઈએ તેવી વાત કરી હતી.

# ધનસુરામાં મેઘરાજાએ ખમૈયા કરતા મચ્છર-માખી, ચૂડવેલનો ઉપદ્રવ

ધનસુરા, તા. ૧૦

ધનસુરા તાલુકામાં મેઘરાજાએ ખમૈયા કરતા ખેડૂતોએ ખેતરમાં વાવેતર શરૂ કરી દીધુ છે. અત્યારે ધનસુરા પંથકમાં સૂર્યપ્રકોપના કારણે અસહ્ય ગરમી અને બાફથી લોકો ત્રસ્ત બની ગયા છે. વરસાદ બંધ રહેતા માખી મચ્છર અને ચૂડવેલનો ત્રાસ વધી ગયો છે. વાયરલ ફીવરના દર્દીઓમાં પણ વધારો થવા લાગ્યો છે. ધનસુરામાં ચૂડવેલનો ત્રાસ વધી જતાં લોકો પરેશાન થઈ ગયા છે. ગામમાં ઠાકોરવાસમાં રહેતા પૂંજાભાઈ ઠાકોરના જણાવ્યાનુસાર ચૂડવેલનો એટલો ત્રાસ વધી ગયો છે કે રોડ ઉપર ફળિયામાં અને ઘરોમાં પણ ઘુસી જાય છે. રાત્રે ઘરમાં સુતા હોઈએ ત્યારે પણ પરેશાન કરે છે. દિવાલો ઉપર ચઢી જાય છે. સમગ્ર ફળિયાના રહીશો ત્રાસી ગયા છે. પંચાયત દ્વારા તાત્કાલિક દવા છંટકાવ કરવાની જરૂર છે.

# પ્રાંતિજમાં લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ બેડમિન્ટન હોલ ભંગાર ખાનુ બન્યો

પ્રાંતિજ, તા. ૧૦

ગુજરાત સરકાર દ્વારા ખેલે ગુજરાત રમશે ગુજરાત અને જીતશે ગુજરાત પાછળ લાખ્ખો સાથે બનાવામાં આવેલ બેડમિન્ટન હોલમાં ભંગાર સ્ટ્રીટ લાઈટોના પાંજરા ભરી દેવામાં આવ્યાં છે જેને લઈને નગરજનો સહિત રમતવિરોમાં રોષ જોવા



રૂપિયાની જાહેરાતો કરી વિવિધ ખેલ સ્પર્ધામાં બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા લાખ્ખો રૂપિયાનો ખર્ચ કરી બનાવવામાં આવેલ બેડમિન્ટન હોલમાં ભંગાર ભરી દેવામાં આવતાં રમતવીરોમાં રોષ જેવા મલ્યો છે.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ શેઠ.પી.એન્ડ. આર. હાઈસ્કૂલ પાસે આજથી એક વર્ષ પહેલાં લાખ્ખો રૂપિયાના ખર્ચે અદ્યતન સગવડ મલ્યો છે અને છેલ્લા કેટલાંય સમયથી ભંગાર પડી રહેતાં બેડમિન્ટન હોલમાં તાળાં વાગ્યા છે. જેથી બેડમિન્ટન રમતવીરો રમતથી દુર રહ્યાં છે. સરકાર ખેલેગુજરાત રમશે ગુજરાત જીતશે ગુજરાત ની લાખ્ખો રૂપિયાની જાહેરાતો અને લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ બેડમિન્ટન હોલ ભંગારખાનુ બનતાં હાલ ખેલે ગુજરાત રમશે ગુજરાત ઉપર પાણી ફરીવ્યું છે.

# અરવલ્લી જિલ્લા પંચાયતની સામાન્ય સભા શાંતિપૂર્ણ સંપન્ન

### જિલ્લાના અંતરિયાળ ગામોના વિકાસને વેગવંતો બનાવવા પ્રાધાન્ય : રાજેન્દ્ર પારઘી

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લા પંચાયતની સામાન્ય સભા સોમવારના બપોરે ૧ વાગ્યાના સુમારે મોડાસા તાલુકા પંચાયતના સભાખંડમાં યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી દ્વારા જિલ્લા પંચાયતોને સુપ્રત થયેલ યોજનાઓના લાભ વધુમાં વધુ મળે તેવા પ્રયાસો હાથ ધરી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોના ગામડાઓનો વિકાસ વેગવંતો બનાવવા અને જિલ્લાનો વિકાસ ઝડપી થાય તે બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિરોધ પક્ષ ભાજપા જિલ્લા પંચાયતના સદસ્યો અને અપક્ષ સદસ્ય જશુભાઈ પટેલ દ્વારા જિલ્લાના વિકાસના કામોમાં સહયોગ આપવા જણાવ્યુ હતુ.





મોડાસા તાલુકા પંચાયતના સભાખંડમાં સોમવારે બપોરે ૧ વાગે મળેલી સામાન્ય સભા જિલ્લા વિકાસ અધિકારી શ્રુતિ ચારણની દેખરેખ હેઠળ યોજાયી હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ જણાવ્યુ હતુ કે જિલ્લાના ગ્રામીણ વિકાસને ગત વર્ષે વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી જિલ્લા પંચાયતના દરેક સદસ્યોને ગ્રાન્ટ ફાળવવાની સાથે ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી.

તદઉપરાંત ન્યુ ગુજરાત પેટર્નના કામોની વહીવટી મંજૂરી આવી ગયેલ હોવાથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ટુંક સમયમાં પીવાના પાણી, બાંકડા, સીસીરોડ, ડી.પ, ગરનાળા જેવા બાકી રહેલા કામોને પ્રાધાન્ય આપવામાં આવશે અને અંતરિયાળ વિસ્તારના ગામડાઓનો વિકાસ સાથે નવસર્જન અરવલ્લી જિલ્લો બનાવવા સતત પ્રયત્નશીલ હોવાનુ જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા ગત વર્ષે સરકારી તેમજ સ્વભંડોળ દ્વારા અલગ અલગ ક્ષેત્રે અને પંચાયતોને સુપ્રત થયેલા વિવિધ યોજનાઓના લાભો મળી રહે તેવી પૂરે પૂરી પ્રાથમીકતા હતી. ગતવર્ષે જિલ્લા પંચાયત દ્વારા પ્રાથમિક ક્ષેત્રે ૩.૪૩ કરોડ ખર્ચ કરવામાં આવેલ છે. જાહેર આરોગ્ય ક્ષેત્રે ૨૪.૬૫ કરોડ, નોન પ્લાન ૧૩.૪૦, આવાસક્ષેત્રે ૮.૬ કરોડ, સમાજ કલ્યાણ ક્ષેત્રે ૨.૧૪ કરોડ, મહિલા બાળ વિકાસ ક્ષેત્રે ૨૭.૯૭ (પોષણ પ્લાન) ખેતીક્ષેત્રે ૫.૫૦, પશુપાલન ક્ષેત્રે ૩.૭૩, સીંચાઈ ક્ષેત્રે ૧૭.૫૫ અને માર્ગ અને મકાન ક્ષેત્રે ૧૫૪.૪૪ કરોડ (૩૦૫૪ રસ્તા અને પુલોપ્લાન) ખર્ચ કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત સ્વભંડોળ દ્વારા ૧.૮૯ કરોડ ખર્ચ કરવામાં આવેલ છે. તેમ જણાવી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ માટે સમગ્ર અરવલ્લી જિલ્લા પંચાયત સદસ્યોનો સહકાર મળી રહે તેવી આશા વ્યક્ત કરી હતી.